એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ–હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (રૂમાં)	13.08.2024ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. પ્રમોદકુમાર પંડિ 2. નિતુ પ્રમોદ પંડિ	**શિડ્યૂલ–1** જમીનનો ટુકડો અને ખંડ બધાનું સરનામુંઃ પાસ થયેલા પ્લાન મુજબ પ્લોટ નં. 258 (લે આઉટ મુજબ પ્લોટ નં. 199), જેનું માપ 46.82 ચો. મી. થવા જાય છે, જેની સાથે 'હરિધામ (ઉત્તર) કો.ઑપ. હાઉસિંગ સોસાયટી લિ.'માં રોડ અને કોપ.ની જમીનમાં 29.48 ચો. મી.નો અવિભાજિત હિસ્સો, જે રેવન્યૂ સર્વે નં. 126/1, બ્લોક નં. 95, જેનું માપ 18514.00 ચો. મી. થવા જાય છે, પૈકી 10936.00 ચો. મી. થવા જાય છે, જે ગુજરાતના સુરત જિલ્લાના પલસાણા તાલુકાના મોજે ગામ કાડોદરાની જમીન ખાતે આવેલ છે. સીમાઓ: પૂર્વે – સોસાયટીનો આંતરિક રોડ; પશ્ચિમે – પાસ થયેલા પ્લાન મુજબ, પ્લોટ નં. 220 અને 221, સોસાયટીના લે આઉટ પ્લાન મુજબ, પ્લોટ નં. 155 અને 156; ઉત્તરે – પાસ થયેલા પ્લાન મુજબ, પ્લોટ નં. 257, સોસાયટીના લે આઉટ પ્લાન મુજબ, પ્લોટ નં. 198; દક્ષિણે – પાસ થયેલા પ્લાન મુજબ, પ્લોટ નં. 259, સોસાયટીના લે આઉટ પ્લાન મુજબ, પ્લોટ નં. 200	SRTHL190 00359 & SRTHL190 00412	15/09/2024	રૂ. 7,33,05/–	રૂ. 23,67,638.19/–	રૂ. 7,33,050/–	અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને તમામ કાર્યદિવસોએ સવારે 10.00 વાગ્યાથી સાંજે 5.30 સુધી	22/11/2024 બપોરે 12.00 વાગ્યાથી બપોરે 2.00 વાગ્યા સુધી
1. મુકેશકુમાર ધાકરે 2. પ્રેમાદેવી ધાકરે	**શિડ્યૂલ–1** જમીનનો ટુકડો અને ખંડ બધાનું સરનામુંઃ પ્લોટ નં. 89 ધરાવતી જમીન (પાસ થયેલા પ્લાન મુજબ પ્લોટ નં. એફ–89), જેનું માપ 49.33 ચો. વાર એટલે કે 41.24 ચો. મી. થવા જાય છે (પાસ થયેલા પ્લાન મુજબ 40.15 ચો. મી.), 'સુરભી રેસિડેન્સી', કે જે રેવન્યૂ સર્વે નં. 76 અને 77, બ્લોક નં. 93/બી, જેનું માપ 17173 ચો. મી. થવા જાય છે (અનામત મુજબ પ્રથમ જૂનો બ્લોક નં. 93/બી, જેનું માપ 17599 ચો. મી. થતું હતું), મોજે ગામ માકણા, તાલુકો, કામરેજ, જિલ્લોઃ સુરત, ગુજરાત ખાતે આવેલ છે. સીમાઓ: પૂર્વે – સોસાયટીનો આંતરિક રોડ; પશ્ચિમે – પ્લોટ નં. 94; ઉત્તરે – પ્લોટ નં. 90; દક્ષિણે – પ્લોટ નં. 88	SRTHL180 00422 & SRTHL180 00547	15/09/2024	રૂ. 64,966/–	રૂ. 23,92,646.63/–	રૂ. 6,49,669/–	અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને તમામ કાર્યદિવસોએ સવારે 10.00 વાગ્યાથી સાંજે 5.30 સુધી	22/11/2024 બપોરે 12.00 વાગ્યાથી બપોરે 2.00 વાગ્યા સુધી

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/ થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ 21/11/2024 ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બદ્યા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંદ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઑફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે 22/11/2024 ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, 23/11/2024 ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, **જેમનું નામ છે – દિલીપ મિશ્રા, સંપર્ક નં. 7575021496, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિમિટેડ, ઈક્વો હોમર્ઝ, ત્રીજો માળ, યુનિટ નં. 308થી 311 અને યુનિટ નં. 322થી 326, જી. ડી. મોથેન્ના રોડ, સંગિની એરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બિન્દ્રાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈ પણ જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેને પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તારીખ આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 18.10.2024
સ્થળઃ સુરત

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

જે કુશળ છે તે બંધનયુક્ત પણ નથી કે બંધન મુક્ત પણ નથીઃ યુગપ્રધાન આચાર્યશ્રી મહાશ્રમણ

મુનિ ઉદિતકુમારજીએ દિવાળીના સંદર્ભમાં તેલાની તપસ્યાના અનુષ્ઠાન વિશે માહિતી આપી

સુરત (ગુજરાત): આયારો આગમમાં કહેવાયું છે કે આ જગતમાં રહેતો દરેક જીવ બંધનયુક્ત છે, પણ અમુક મનુષ્યો એવા છે જે અમુક અંશે બંધનમાંથી મુક્ત પણ છે. જેઓ જીવીને પણ બંધનમુક્ત રહી શકે છે તેઓ કુશળ છે. તેઓ કોઈક રીતે બંધક છે અને અમુક રીતે મુક્ત પણ છે. જે માણસ ભૂતકાળની સ્મૃતિઓમાં ખોવાઈ જતો નથી, ભવિષ્યની કલ્પનાઓમાં નથી જતો, વર્તમાન પરિસ્થિતિમાં પણ તટસ્થ હોય છે, તે માણસ જીવંત હોવા છતા પણ બંધનમુક્ત હોય છે. એવું માનવામાં આવે છે કે જે વ્યક્તિએ અહંકાર ,વાસના , ઇચ્છા અને લાલસા પર વિજય મેળવ્યો છે, જે મન, વચન અને કાયાથી વિકારમુક્ત છે, તેણે મોક્ષ પ્રાપ્ત કર્યો છે. એક અપ્રમત્ત સાધુ જે આસક્તિમાં ઘેરાયેલો નથી પણ પ્રવૃત્તિ કરે છે, ચાલે છે, બોલે છે, ખાય છે અને પીવે છે, તે પ્રવૃત્તિઓથી મુક્ત નથી, પણ અનાસક્ત ભાવે આધ્યાત્મિક સાધના કરે છે એવા સાધુ માટે કુશળ શબ્દ આયારો આગમમાં વપરાય છે. જે આધ્યાત્મિક સાધનામાં કુશળ બને છે, જે વીતરાગી છે, તે ભૌતિક પદાર્થોથી બંધાયેલ નથી અને પ્રવૃત્તિઓથી મુક્ત નથી. આધ્યાત્મિક સાધનામાં કુશળતા પ્રાપ્ત કરવી એ પણ બહુ મોટી વાત છે. કુશળ શબ્દ માનવ જીવનમાં વપરાય છે. કોઇક કાર્ય કરવામાં કુશળ હોય છે. કોઇ મેનેજમેન્ટમાં કુશળ હોય છે, કોઇ લખવાની કળામાં કુશળ હોય છે અને કોઇ રસોઇ બનાવવાની કળામાં કુશળ હોય છે. કાર્યકુશળતાનો વિકાસ એ જીવનમાં એક મહાન સિદ્ધિ છે. આપણા સંઘમાં ઘણા સાધુ-સાદ્ધિરયો ખૂબ સુંદર અક્ષરોમાં લખે છે. કેટલાક લોકોનું લખાણ એટલું સારું નથી હોતું.

લખવામાં કોઇ ભૂલ છે કે નહીં તે ધ્યાનમાં રાખવું જોઇએ. શુદ્ધ લેખન એ હસ્તલેખનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. કોઇ ભાષણ આપવામાં પણ કુશળ હોય છે, ભાષા સ્પષ્ટ હોય અને જ્ઞાન સારું હોય તો લોકોને સાંભળવાની મજા આવે છે. વક્તામાં પણ બોલવાની કુશળતા હોય છે. આ રીતે જે કુશળ છે તે બંધાયેલ કે મુક્ત નથી. ગાવામાં કૌશલ્ય હોવું એ અલગ વાત છે. કોઇ ગીત લખવામાં કુશળ હોય તો કોઇની ગાવાની કુશળતા શ્રોતાને આહ્લાદિત કરી શકે છે. યુગપ્રધાન આચાર્યશ્રી મહાશ્રમણજીએ મંગળવારે મહાવીર સમવસરણમાં ઉપસ્થિત ભક્તોને ઉક્ત મંગળ ઉપદેશ આપ્યો હતો.

આચાર્યશ્રીએ બીજા સંદર્ભમાં કહ્યું કે લાડનુંમાં ગુરુદેવ તુલસીએ મને રાત્રે રામાયણ વાંચવાની સલાહ આપી હતી. મંગળ પ્રવચન બાદ સાધ્વીવર્યાજીએ જનમેદનીને સંબોધન કર્યું હતું. મુનિ ઉદિતકુમારજીએ આયંબિલ મહાઅનુષ્ઠાન વિશે માહિતી આપી હતી અને દિવાળી પર તેલાના અનુષ્ઠાન વિશે પણ માહિતી આપી હતી.

સુરતમાં બનાવવામાં આવેલી શ્રીરામ રંગોળીને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું

જનાદેશ પ્રતિનિધિ, સુરત : આર્ટ(કલા) ક્ષેત્રે સુરતની યશ કલગીમાં વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે. અયોધ્યામાં ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્વે સુરતમાં ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ કતારગામ કોમ્યુનિટી સેન્ટર ખાતે ૧૧,૧૧૧ સ્કે. ફૂટના વિસ્તારમાં આકર્ષક અને ભવ્ય રિયાલિસ્ટિક સૌથી મોટી શ્રીરામ રંગોળી બનાવવામાં આવી હતી. સુરત માટે ગૌરવની વાત છે કે, આ શ્રીરામ રંગોળીને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.ખાસ ઉલ્લેખનીય છે કે, આ અલૌકિક રંગ-બેરંગી શ્રીરામ રંગોળીએ દેશ-વિદેશમાં જબરજસ્ત લોક ચાહના મેળવી હતી. ૪૦ બહેનોએ ૧૪૦૦ કિલો રંગોનો ઉપયોગ કરીને સતત ૧૨ કલાકની મેહનતથી રિયાલિસ્ટિક શ્રીરામ રંગોળીમાં ભવ્ય રામદરબાર સજાવ્યો હતો. મહેંદી આર્ટિસ્ટ નિમિષાબેન પારેખ દ્વારા તૈયાર કરવામાં આવેલી રૂપરેખા પર તેમના માર્ગદર્શન હેઠળ આ

ભવ્ય રંગોળીનો કાર્યક્રમ યોજાયો હતો. ગતરોજ સુરતમાં યોજાયેલા એક કાર્યક્રમમાં પૂર્વ ટેક્સટાઈલ અને રેલવે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોષના હસ્તે નયનાબેન કાટ્રોડિયા - કલાર્પણ આર્ટ ગ્રૂપ તેમજ મોટા મંદિર યુવક મંડળના સહકાર સાથે રચવામાં આવેલી શ્રીરામ રંગોળી માટે તેમને અને ૪૦ બહેનોને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતા. નયનાબેન કાટ્રોડિયા અને નિમિષાબેન પારેખે જણાવ્યું હતું કે, સંસ્થા સાથે સંકળાયેલી ૪૦ બહેનોએ સવારે ૫ થી સાંજે ૫ વાગ્યા સુધી સતત ૧૨ કલાકની મહેનત સાથે આ રંગોળીમાં ધાર્મિક ભાવના સાથે શ્રધ્ધા અને ભક્તિના રંગ પૂર્યા હતા. આ રંગોળીમાં ભવ્ય સજાવટ સાથે રામ સેતુ, ભગવાન શ્રીરામ, માતા સીતા, લક્ષ્મણ, હનુમાનજી, રામસેતુ નિર્માણ વગેરે પાત્રોની છબીને ખૂબ જ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી.

અયોધ્યામાં નિર્મિત થયેલાં ભવ્ય રામ મંદિરને સમર્પિત તેમજ હિન્દુ ધર્મની એકતા અને ધાર્મિક ભાવનાનો સંદેશ આપતી આ રિયાલિસ્ટિક રંગોળીને વૈશ્વિક સ્તરે માન્યતા સાથે એશિયા બુક ઓફ રેકોર્ડ તરફથી એવોર્ડ મળતા અમે ખુબજ ગૌરવાંતિત છીએ. આ ?તિહાસિક પ્રસંગમાં સામેલ તમામ સંસ્થાઓ અને આર્ટિસ્ટનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. અમને વિશ્વાસ છે કે, આ એવોર્ડથી રંગોળી જેવી પારંપરિક કલા અને સાંસ્કૃતિક ધરોહરને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ ઉપર પ્રસ્તુત કરવા માટે પ્રોત્સાહન મળશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ મહેંદી કલ્ચરના સ્થાપક અને મહેંદી આર્ટિસ્ટ નિમિષાબેન પારેખ દ્વારા રચિત ''મહેંદીકૃત રામાયણ'' ને એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું હતું. જેમાં રામાયણની ૫૧ ચોપાઈઓ પર આધારિત ૫૧ જેટલાં પ્રસંગોને વારલી આર્ટમાં મહેંદી સ્વરૂપે સુરતની ૫૧ બહેનોના હાથ પર રજૂ કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત તાજેતરમાં જ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે ''મહેંદીકૃત રામાયણ'' ને સર્જનાત્મકતા સાથે કલા અને ભક્તિનું શ્રેષ્ઠ સંગમ દર્શાવીને નિમિષાબેન પારેખને પ્રશંસાપત્ર એનાયત કર્યું હતું.

સોનગઢ નગરપાલિકા દ્વારા જાહેર સ્થળોની દિવાલો ઉપર ચિત્રો બનાવી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

જનાદેશ પ્રતિનિધિ સોનગઢ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વણથંભી વિકાસ યાત્રાના ૨૩ વર્ષ પૂર્ણ થયાના અવસર નિમિતે રાજ્યમાં વિકાસ સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના અંતિમ દિને તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રદર્શનો, વોલ પેઈંટિંગ, સ્પર્ધાઓ જેવા કાર્યક્રમ યોજી સમાપન કરવામાં આવ્યું હતું. આજે વિકાસ સપ્તાહ અંતર્ગત

સોનગઢ નગરપાલિકા દ્વારા સોનગઢ શહેરને સ્વચ્છ સુઘડ કરવાની સાથે કલાત્મક કરવામાં આવ્યું હતું. સ્વચ્છતાની થીમ પર સોનગઢ નગરપાલિકા વિસ્તારના બસ સ્ટેન્ડ રોડ, મેઇન બજાર રોડ,સરકારી શાળાઓની દીવાલો તેમજ શહેરના મુખ્ય રસ્તાઓ પર પ્રખ્યાત જાહેર સ્થળોની દિવાલો ઉપર ભીંત ચિત્રો બનાવીને વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

જનાદેશ પ્રતિનિધિ તાપી આજ તારીખ ૧૫/૧૦/૨૦૨૪ ના રોજ તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગતરોજ વધુ વરસાદ થયો હોય ડાંગરના પાકને વ્યાપક નુકસાન થયું હોય જેથી કરીને.તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખશ્રી ભીલાભાઇ ગામીત,૧૭૨નિઝર ના માજી ધારાસભ્ય સુનિલભાઇ ગામીત, ૧૭૧વ્યારના ધારાસભ્ય પુનાજીભાઇ ગામીત, તાપી જિલ્લા પંચાયતના વિરોધ પક્ષ ના નેતા સિદ્ધાર્થભાઇ ચૌધરી, સોનગઢ તાલુકા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ મીરામજીભાઇ ગામીત.સહિત આગેવાનો હાજર રહેયા હતા.વહીવટી તંત્ર દ્વારા જલ્દી થી સર્વે ની કામગીરી હાથ ધરવામાં આવે અને ખેડૂતોને વળતર ચૂકવવા આવે તેવી માંગ સાથે જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રી ને આવેદનપત્ર આપવામાં આવ્યું.

ઉકાઇ કેન્દ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી..

જનાદેશ પ્રતિનિધિ સોનગઢ - સેન્ટર ઓફ એકસલન્સ ઇન એક્વાકલ્ચર કામધેનુ યુનિવર્સિટી, ઉકાઇ કેન્દ્ર દ્વારા તાપી જિલ્લાના સોનગડ તાલુકાના વાડી ભેસરોટ ગામમાં માછીમારી કરતાં બેહનો માટે આજરોજ (૧૫મી ઓકટોબર, ૨૦૨૪) આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે એક દિવસીય પરિસંવાદ એન્ટરપ્રેન્યરશીપ ડેવલોપમેન્ટ ઓફ રૂરલ વુમન ઇન ફિશરીઝ? આયોજન કરવામાં આવ્યું.

સદર કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી રમીલાબેન ગામીત અને વાડી ભેસરોટ ગામના ડેપ્યુટી સરપંચશ્રી જયેશભાઇ ગામીત અને

તાલુકા સભ્ય શ્રી પ્રદિપભાઇ ચૌધરી તેમજ સેન્ટર ઓફ એક્સલન્સના વડા ડો. લ્થિત આર. લેન્ડે ઉપસ્થિત રહેલ હતા. ગ્રામીણ વિભાગમાં રેહતા મહિલાઓનો કૃષિ અને સંલગ્ન વ્યવસાયોમાં મોટો ફાળો વૈશ્વિક સ્થરે રહે છે.

માછીમારી અને મત્સ્ય વ્યવસાયમાં આધુનિક સમયમાં મહિલાઓ માટે વ્યવસાયીક ઢબે પુષ્કળ તકો છે.

વૈશ્વિક સ્થરે મત્સ્યપાલન વ્યવસાયમાં ગ્રામીણ વિભાગના બેહનોની પુષ્કળ સફળ ગાથાઓ પ્રસિદ્ધ છે.

સદર કાર્યક્રમ દરમિયાન વાડી ભેસરોટ ગામની ૨૫ બેહનો હાજર રહેલ હતી. જેમને આ પ્રસંગે સેન્ટર ઓફ એકસલન્સ ઇન એક્વાકલ્ચર કા.યુ. ઉકાઇ કેન્દ્ર દ્વારા ફિશિંગ માટે ઉપયોગી કીટનુ પણ વિતરણ કરવામાં આવ્યું.

ડિંડોલી સંપર્ક કાર્યાલય
મનીષ નાયક
સરનામું
ટાંકી ફળિયું,
ડિંડોલી ,સુરત
મો.૮૫૧૧૧૬૯૧૧૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં

એન્સિયટ યોગીક સાયન્સ એન્ડ ટેકનીક નાસટીફિકેટ કોર્ષની ૭ બેચ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે

જનાદેશ પ્રતિનિધિ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ ડીપાર્ટમેન્ટ ઓફ કંટીન્યુઇન એડ્યુકેશન એન્ડ એક્ષટેન્શન વર્ક દ્વારા (૩) ક્રેડીટનો સર્ટીફિકેટ કોર્ષ ?એનસીઅન્ટ યોગીક સાયન્સ એન્ડ ટેકનીક? નો કોર્સ ચાલી રહ્યો છે. જેના કુલ ૭ બેચ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. આ કોર્ષ યોગ અને પ્રાચીન વિજ્ઞાનના મહત્વને આધુનિક જીવનમાં લાવવા માટે રચાયેલ છે, જે વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સુખાકારી પ્રદાન કરે છે. આ કોર્ષ વિવિધ ઉમરના અને વિવિધ વ્યવસાયના કોઇ પણ લોકોને શિક્ષણ આપવામાં આવે છે. શ્રી દીપેશ ભાઇ સુખડિયા દ્વારા યોગથી થતા લાભોની જાણકારી

વિધાર્થીઓને આપી હતી તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તેમજ કુલસચિવશ્રી ડો. આર. સી. ગઢવીના હસ્તે માર્કશીટ આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને આરોગ્ય જાળવણી અંગેની માહિતી કો- ઓર્ડીનેટર શ્રી મેહુલભાઇ પટેલ દ્વારા આપવામાં આવી હતી. પાછલાં એક વર્ષથી શરૂ કરેલ આ કોર્ષ માં કુલ ૪૫ વિદ્યાર્થીઓએ કોર્ષ પૂર્ણ કરેલ છે. આ કોર્ષ કરી દરેકને શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક લાભ તેમજ પ્રાચીન યોગનું જ્ઞાન મેળવી સંતુષ્ટિની લાગણી અનુભવી હતી. વધુમાં જણાવતાં આનંદ થાય છે કે યોગને લગતા ડીપ્લોમા જેવા બીજા નવા કોર્ષો શરુ કરવા જઇ રહ્યા છે.